**સુરતના મહે. આઠમાં એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.સુરત**

**ક્રિમીનલ કેસ નં.397878/2026**

**આંક:-**

## -: ચુકાદો :-

આ કામે આરોપી સામે ધી જુગારધારા કલમ-૧૨ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્વારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપી ની જુગારધારા કલમ-૧૨ મુજબની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપીનાએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા આરોપીએ રોકડ રકમ (દાવ પરની ) અંગે નો-કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ઘ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ઘ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ઘ્યાને લેતાં સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

## -: હુકમ :-

આરોપી **(૧) સત્યન્દ્ર સુનેશ્વર પાલ (૨) અજય રાકેશભાઇ ગુપ્તા (૩) રંજન દેવેન્દ્ર પ્રધાન (૪) સુભ્રજીત સુભાષભાઇ પાડી** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સહીતા ૨૦૨૩ ની કલમ- ૨૭૫ મુજબ ધી જુગારધારા કલમ- ૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)ના દંડની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

સદર કેસમાં આરોપીઓની અંગજડતીમાં પકડાયેલ મુદ્દામાલ રોકડ રકમની માલીકીની ખરાઇ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ- ૧૧ મી, માહે- જુલાઇ સને- ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : સુરત.

( એસ.ડી.રાજ )
આઠમાં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,સુરત.
**CODE NO.001655**